# ભારતની ઓનલાઈન ટ્રાવેલ કંપની મેક માય ટ્રીપ ડોટ કોમ હવે અમદાવાદમાં!

**અમદાવાદ,**

ભારતની પ્રથમ ક્રમાંકની ઓનલાઈન ટ્રાવેલ કંપની, મેક માય ટ્રીપ ડોટ કોમ એ આજે ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય વિકસાવવાની જાહેરાત કરી હતી. તેની કામગીરીના નવપ્રસ્થાન થવાની સાથે જ હવે પ્રવાસીઓ વિશ્વસ્તરની મુસાફરીની સેવાઓ મેળવી શકશે. સસ્તામાં સસ્તી એરલાઈન ટિકિટ, હોટલ બુકિંગમાં વ્યાજબી દર અને જે રીતે જોઈએ તેવા રજા માણવાના વિકલ્પો, આ બધી જ સુવિધાઓનો લાભ હવે ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે. શહેરના હૃદયસમા વિસ્તાર સી. જી. રોડ પર મેક માય ટ્રીપની ઓફિસ આવેલી છે. જેમને ઓનલાઈન પર ખરીદી કરવી હોય તેઓ મેક માય ટ્રીપ ડોટ કોમ પર લોગઈન કરીને તે સેવાનો લાભ લઈ શકે છે.

અમેરિકામાં ઈન્ડિયા ટ્રાવેલ માર્કેટમાં ચાર વર્ષ સુધી નફાકારક કાર્ય કર્યા પછી આ કંપનીએ તેનું ભારત ખાતેનું કાર્ય સપ્ટેમ્બર ૨૦૦૫માં શરુ કર્યું. ભારતમાં મુસાફરી કરનાર વર્ગની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા ભારત ખાતે નવપ્રસ્થાન કર્યું અને આજે એક મેકમાય ટ્રીપ ૫૦૦૦થી વધુ ફ્લાઈટ ટિકિટ હોટલ રુમ્સની ૧૦૦૦ જેટલી રાત્રી અને રોજના ૫૦થી વધુ હોલિપેડ પેકેજ વેચે છે. દર મહિને ૧૮ લાખથી વધારે અજોડ લોકો તેની સાઈટની મુલાકાત લે છે ૨૦૦૬-૦૭માં તેણે તેના ગ્રાહકોને ૧૦ લાખથી વધારે પ્રવાસ આયોજિત કરવાની મદદ કરી છે.

આ અવસર પર વાતચીત કરતા મેક માય ટ્રીપ ડોટ કોમના સહસંસ્થાપક અને ક્રૂ. શ્રી કેયૂર જોશીનું કહેવું છે કે વર્તમાનમાં અમને ગુજરાતમાંથી આશરે ૨ ટકા જેટલી ઓનલાઈન ધંધો મળે છે. અમારા અનુભવ પ્રમાણે, ગુજરાતીઓ મુસાફરી કરવા માટે ખૂબ જ ઉત્સાહી હોય છે. આ સીઝનમાં તેમના રજા ગાળવા માટેના મનગમતા સ્થળો યુરોપ અને ફાર ઈસ્ટ છે. અમને પૂરો વિશ્વાસ છે કે મેક માય ટ્રીપના વાજબી પ્રસ્તાવ ઓછામાં ઓછી કિંમતની એરલાઈન ટિકિટ હોટલ રુમ્સ અને રજાઓ માટે ઉત્તમ ભાવ અને ગ્રાહકોની ઓછામાં ઓછી કિંમતની એરલાઈન ટિકિટ હોટલ રુમ્સ અને રજાઓ માટે ઉત્તમ ભાવ અને ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણેના વિકલ્પો આ બધું જ અમદાવાદના ગ્રાહકોને અનુકૂળ રહેશે.